Royal College of Anaesthetists

# એનેસ્થેટિક્સ – જોખમો અને આડઅસરો

# દાંત, હોઠ અને જીભને નુકસાન

## આ પત્રિકા વિશે

આ પત્રિકા, જો તમને સામાન્ય એનેસ્થેસિયા આપવામાં આવે તો તમારા **દાંત, હોઠ અને જીભને થતા નુકસાન** વિશે છે. એ સમજાવે છે કે આ નુકસાન કેવી રીતે થઈ શકે છે અને તેના વિશે શું કરી શકાય છે.

જનરલ એનેસ્થેટિક્સ એવી દવાઓ છે જે ગાઢ ઊંઘ જેવી અવસ્થાની અનુભૂતિ આપે છે. તે કેટલાક ઓપરેશન અને પ્રક્રિયાઓ માટે અનિવાર્ય છે. જનરલ એનેસ્થેટિક દરમિયાન, તમે બેભાન હશો અને કંઈપણ અનુભવી શકતા નથી.

તમે વિવિધ પ્રકારના એનેસ્થેટિક્સ વિશે વધુ વિગતો અમારી વેબસાઇટ પર વાંચી શકો છો જે અહીં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

## એનેસ્થેસિયા દરમિયાન દાંત, હોઠ અને જીભને થતા નુકસાન વિશે

એનેસ્થેસિયા પછી ક્યારેક તમારા મોં અને હોઠ પર નાના કાપ અથવા ઉઝરડા પડી શકે છે. આ સામાન્ય રીતે થોડા દિવસોમાં મટી જાય છે.

સામાન્ય એનેસ્થેસિયા દરમિયાન દાંત તૂટી જાય, ઢીલા પડે અથવા ક્યારેક અકસ્માતે બહાર આવી જાય.

સામાન્ય એનેસ્થેશિયા દરમિયાન, તમારા શરીરના સ્નાયુઓ, જેમાં તમારા ગળા અને છાતીના આસપાસના સ્નાયુઓ પણ ઢીલા પડી જાય. આનાથી તમારા ફેફસાંમાં પ્રવેશતી હવાનું પ્રમાણ ઘટી શકે છે.

તમારા ફેફસાંમાં ઓક્સિજનનો સતત પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે, એનેસ્થેટિસ્ટ તમારા ગળામાં શ્વાસ લેવાની નળી મૂકી શકે છે જેથી તમારા વાયુમાર્ગ ખુલ્લા રહે. તેઓ સામાન્ય રીતે તમે બેભાન થાવ પછી આમ કરવામાં આવે છે.


જ્યારે તમે બેભાન હોવ ત્યારે તમારા એનેસ્થેટિસ્ટ જે ટ્યુબ અથવા માસ્કનો ઉપયોગ કરવામાં આવે છે તે આકસ્મિક રીતે તમારા દાંત, હોઠ અને જીભને નુકસાન પહોંચાડી શકે છે. એનેસ્થેસિયા દરમિયાન તમને સુરક્ષિત રાખવા માટે આ સાધન જરૂરી છે.

એનેસ્થેસિયા દરમિયાન તમારા વાયુમાર્ગ અને શ્વાસ વિશે વધુ માહિતી અમારી વેબસાઇટ પર છે, જે વિવિધભાષાઓમાં અહીં ઉપલબ્ધ છે.www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

## આવું થવાની શક્યતા કેટલી છે?

### હોઠ અને જીભ પર નાનાં કાપાં અથવા ઉઝરડા

**દર 100 લોકોમાંથી**



લગભગ **1–5** લોકોને આવું થયું છે

લગભગ **95–99** લોકોને આવું થયું નથી

### દાંતને નુકસાન જેના માટે દંત ચિકિત્સકની જરૂર પડે

**દર 10,000 લોકોમાંથી**

| | |
|---|---|
| **5** ને થયું | **9,995** ને નથી થયું |

દાંતને નુકસાન થયેલા અડધાથી વધુ લોકોના દાંત અને પેઢા એવા હતા જે સર્જરી પહેલા તેમની હાલત ખરાબ હતી.

આ આંકડા સંશોધન અભ્યાસોમાંથી લેવામાં આવ્યા છે. તમે અમારી વેબસાઇટ પર જોઈ શકો છો કે અમને આ નંબર ક્યાંથી મળ્યા છે: www.rcoa.ac.uk/patientinfo/risks/evidence.

## શું કોઈ બાબત તેને વધુ શક્યતા બનાવે છે?

નુકસાન થવાની શક્યતા વધુ છે જો તમે:

- તમારું મોં ખૂબ પહોળું ખોલી શકતું નથી અથવા તમે તમારી ગરદન સરળતાથી હલાવી શકતા નથી. ઉદાહરણ તરીકે, કેટલીક સંધિવાની સ્થિતિઓ સામાન્ય એનેસ્થેસિયા દરમિયાન તમારી ગરદનને ખસેડવામાં અથવા તમારા માથાને સ્થિત કરવામાં મુશ્કેલી ઊભી કરી શકે છે
- ખૂબ આગળ નીકળેલા ઉપરના દાંત હોય અથવા નાની નીચેની જડર (ચીન) હોય
- કટોકટીની પરિસ્થિતિમાં સામાન્ય એનેસ્થેસિયાની જરૂર હોય
- જનરલ એનેસ્થેસિયા સાથે તાત્કાલિક સિઝેરિયન ની જરૂર છે
- સ્થૂળતા હોય અથવા તમારી ગરદન પર વધારાનું વજન હોય
- તમારા મોં, ગરદન, જડબા અથવા અન્નનળી (અન્નનળી) માં ઓપરેશન થઈ રહ્યું છે.

## એને અટકાવવા માટે શું મદદરૂપ થઈ શકે છે

ઓપરેશન પહેલાં તમારા દાંતને નુકસાન થવાનું જોખમ ઘટાડવા માટે તમે જાતે કરી શકો તેવી કેટલીક બાબતો છે.

તમારે ઓપરેશનની જરૂર હોય ને જો તમારા દાંત ઢીલા પડી ગયા હોય અથવા બ્રશ કરતી વખતે પેઢામાં દુખાવો થતો હોય અથવા તેમાંથી લોહી નીકળતું હોય, તો તરત જ તમારા દંત ચિકિત્સકની મુલાકાત લેવી.

તમારા એનસ્થેટિસ્ટને જણાવો જો:

- તમારા દાંત ઢીલા હોય અથવા તમારા દાંત અને પેઢામાં કોઈ અન્ય સમસ્યા છે
- તમારાં પાસે કાઢી શકાય તેવી બ્રેસ અથવા ઇલાસ્ટિક બેન્ડ્સ હોય
- જો તમારી પાસે ઇમ્પ્લાન્ટ, ક્રાઉન, બ્રિજ, વેનીયર અથવા નકલી દાંત હોય તો
- તમારી જીભ કે હોઠ પર વીંધાણ છે.

જો તમે ભૂતકાળમાં સામાન્ય એનોસ્થેશિયા લીધું હોય, તો તમારે તમારા એનસ્થેટિસ્ટને આ બાબત જણાવવું જોઈએ અને:

- તમને કહેવામાં આવ્યું હતું કે તમારા શ્વસન માર્ગમાં નળી નાખવી મુશ્કેલ છે
- તમારા દાંતને નુકસાન થયું હતું.

ક્યારેક તમારા એનેસ્થેટિસ્ટ તમારા મેડિકલ રેકોર્ડ્સ ચકાસી શકે છે જેથી મુશ્કેલીઓનું કારણ શું છે તે સમજી શકાય અને ફરીથી નુકસાન ન થાય.

## જો મારા દાંતને નુકસાન થાય તો શું?

ઓપરેશન દરમિયાન તમારા દાંતને નુકસાન થયું હોય તો તમારા એનેસ્થેટિસ્ટ તમને જણાવશે. જો કેટલાક દાંત બહાર આવ્યા હોય, તો તેઓ તમને તે પાછા આપશે. જો તમને જરૂર હોય તો તેઓ તમને પીડા રાહત આપશે અને શું કરવું તે અંગે સલાહ આપશે.

કેટલીક હોસ્પિટલોમાં ડેન્ટલ સર્જનો હોય છે જે તપાસી ને સારવાર કરી આપશે. જો આ ઉપલબ્ધ ન હોય, તો તમે તમારા પોતાના ડેન્ટિસ્ટ પાસે જઈ શકો છો અને પછી હોસ્પિટલ પાસેથી ખર્ચની પરત ફરત કરવાની માંગ કરી શકો છો. શસ્ત્રક્રિયા દરમિયાન દાંતને નુકસાન અંગે હોસ્પિટલની નીતિ શું છે તે તમે ચકાસવી જોઈએ અને ખર્ચ વળતર માટે ફોર્મની વિનંતી કરવી જોઈએ.

જો તમારા એનેસ્થેટિસ્ટને તમારા ગળામાં ટ્યુબ નાખવામાં મુશ્કેલી પડી હોય અથવા તમારા દાંતને નુકસાન થયું હોય, તો શું થયું તેનો લેખિત રેકોર્ડ માંગો. જો તમને ભવિષ્યમાં ફરી એનેસ્થેટિકની જરૂર હોય તો આ જીવન બચાવનાર માહિતી સાબિત થઈ શકે છે..

ડિફિકલ એરવે સોસાયટી એરવે એલર્ટ કાર્ડ સ્કીમનું સંચાલન કરે છે. તમારા એનેસ્થેટિસ્ટ તમને આ યોજના માટે રેફર કરી શકે છે. તમે આ લિંક પર વધુ માહિતી મેળવી શકો છો: https://das.uk.com/dar.

## અસ્વીકરણ

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયત્નો કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે અપેક્ષા રાખતા નથી કે આ સામાન્ય માહિતી તમારી તમામ શંકાઓને આવરી લેશે અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય શકે તેવી દરેક વસ્તુ સાથે વ્યવહાર કરશે. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને તમારે તમારી પસંદગીઓ અને તમારી કોઈપણ ચિંતાઓ વિશે તમારી તબીબી ટીમ સાથે ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા તેના પોતાના પર સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાપારી અથવા વ્યવસાયિક હેતુ માટે થઈ શકતો નથી. સંપૂર્ણ અસ્વીકરણ માટે કૃપા કરીને જુઓ: [www.rcoa.ac.uk/patient-information/translations/gujarati].

બધા અનુવાદો ટ્રાન્સલેટર્સ વિધાઉટ બોર્ડર્સના અનુવાદક સમુદાય દ્વારા કરવામાં આવ્યું છે. આ અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામાં આવે છે, પરંતુ કેટલીક માહિતીની અચોક્કસતા અને ખોટી અર્થઘટનનું જોખમ રહેલું છે.

# તમે શું વિચારો રહ્યાં છો તે અમને જણાવો

અમે આ પત્રિકામાં સુધારો દર્શાવતા સૂચનોનું સ્વાગત કરીએ છીએ.

જો તમારી પાસે કોઈ ટિપ્પણી છે જે તમે કરવા માંગતા હો, તો કૃપા કરીને તે ઇમેઇલ કરો:
patientinformation@rcoa.ac.uk

**Royal College of Anaesthetists**
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R 4SG

# www.rcoa.ac.uk

## છઠ્ઠી આવૃત્તિ, નવેમ્બર 2024

પ્રકાશનની તારીખના ત્રણ વર્ષમાં આ પત્રિકાની સમીક્ષા કરવામાં આવશે.

**© 2024 Royal College of Anaesthetists**
આ પત્રિકાની દર્દીની માહિતી સામગ્રીઓ બનાવવાના હેતુથી નકલ કરવામાં આવી શકે છે. કૃપા કરીને આ મૂળ સ્રોતનો ઉલ્લેખ કરો. જો તમે આ પત્રિકાના ભાગનો ઉપયોગ અન્ય પ્રકાશનમાં કરવા માંગતા હો, તો યોગ્ય સ્વીકૃતિ આપવી જોઈએ અને લોગો, બ્રાન્ડિંગ, છબીઓ અને ચિહ્નો કાઢી નાખવા જોઈએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.